| | |
|---|---|
| GJAM020040602021 | દાવો રજૂ તારીખ :– ૦૬/૧૨/૨૦૨૧<br>દાવો રજી.તારીખ :– ૦૬/૧૨/૨૦૨૧<br>દાવો ફેંસલ તારીખ:– ૩૧/૦૭/૨૦૨૬<br>સમયગાળો :– <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u><br>૦૪ ૦૭ ૨૫ |

**અમરેલીના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ(શ્રી એસ.આર.મુલતાની) સાહેબની કોર્ટમાં, મુ. અમરેલી.**

**રે. દિ. મુકદમા નં. ૧૨૬/૨૦૨૧**
**આંક :**

વાદીઓ :– **ગુજ. દેવશીભાઇ ભવાનભાઇ ગોંડલીયાના તથા ગુજ. ઉષાબેન દેવશીભાઇ ગોંડલીયાના વારસદાર યોગેશભાઇ સ/ઓ દેવશીભાઇ ગોંડલીયા**
ઉ.વ. ૪૨, ધંધો : નોકરી,
બંને રહે. ''રૂદ્ર'', T–૪ મનસિટી
RTO ઓફીસ પાસે, સાવરકુંડલા બાયપાસ,
અમરેલી, તા. જી. અમરેલી.

<u>વિરૂધ્ધ</u>

પ્રતિવાદીઓ :–
૧. **શ્રી સરકાર**
(નોટીસ જીલ્લા કલેકટરશ્રી મારફત બજાવવી)
૨. **નાયબ કલેકટરશ્રી**
રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી.

**૩. નાયબ મામલતદાર એકસ્ટ્રા,**
મામલતદાર કચેરી, અમરેલી.

**૪. સ્વ. મનસુખભાઇ ભવાનભાઇ ગોંડલીયાના વારસદારો**

(૪.૧)મુકતાબેન મનસુખભાઇ ગોંડલીયા તે
મનસુખભાઈની વિધવા સ્ત્રી
ઉ.વ. ૫૮, રહે. વેકરીયાપરા, મુ. ધારી,
તા. ધારી, જી. અમરેલી.

(૪.૨) ભાવનાબેન મનસુખભાઇ ગોંડલીયા તે
વા/ઓ અશોકભાઇ મધુભાઇ કચાડા
ઉ.વ. ૪૦,

(૪.૩)રમેશભાઇ મનસુખભાઇ ગોંડલીયા
ઉ.વ. ૩૪, રહે. ૪/૨ તથા ૪/૩ નાઓ
સપના સોસાયટી, બ્લોક નં. ૯૯,
લંબે હનુમાન, અભય નગરની બાજુમાં, સુરત.

**(૫) સ્વ. બાલુભાઈ ભવાનભાઈ ગોંડલીયાના વારસદાર**

(૫.૧)કંચનબેન બાલુભાઈ ગોંડલીયા ના વિ.સ્ત્રી
ઉ.વ. ૪૫, રહે. ભૈયાનગર–૧
બી.આર.ટી.એસ. રોડ, પૂણા ગામ, સુરત.

(૫.૨) ગીતાબેન બાલુભાઈ ગોંડલીયા ના વિ.સ્ત્રી
ઉ.વ. ૪૦, રહે. ક્રિષ્ના પાર્ક સોસાયટી, બ્લોક
નં. ૬૩, પાણીના ટાંકા પાસે, ગુરુકુળ રોડ,
સીમાડા ગામ, સુરત.

(૫.૩)સુરેશભાઈ બાલુભાઈ ગોંડલીયા
ઉ.વ. ૪૦, રહે. દયારામ સોસાયટી, બ્લોક નં.૩૯,
પૂણાગામ જંકશન, રંગ અવધૂત સોસાયટીની
બાજુમાં, પ્રણાગામ, સુરત.

**(૬) પરશોતમભાઇ જીવરાજભાઇ વિરાણી**
ઉ.વ. ૫૫, રહે. નંદનવન સોસાયટી, બ્લોક
નં. ૪૦, લજામણી ચોક, મોટા વરાછા, સુરત.

---

**દાવો :- વડીલોપાર્જીત મિલકતમા હકક-હિત, હિસ્સો ઠરાવી આપવા તેમજ તા. ૨૨/૦૭/૧૯૯૬ ના રોજ અનુક્રમ નં. ૧૮૩૧ નો વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા દાવો રૂા. ૧,૦૦૦/- ના આંકથી તેમજ વિજ્ઞાપન તથા કાયમી દાદ મેળવવા બાબતે.**

---

**વાદી તરફે** - વિધ્વાન વકીલ શ્રી એસ.એ.મહેતા
**પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તરફે** - જી.સ.વકીલ શ્રી જે.બી.રાજગોર
**પ્રતિવાદી નં.૪ થી ૬ તરફે** - કોઇ હાજર થયેલ નહી.

---

## -: ઠ રા વ :-

**વાદીના દાવાની ટુંકમા હકીકત :-**

(૧) **વાદીના દાવાની હકીકત એવી છે કે,** વાદી મોજે અમરેલી મુકામે તેમના કુટુંબ સાથે રહે છે અને વાદીના માતૃશ્રી ઉષાબેન દેવશીભાઇ ગોંડલીયા તા. ૦૨/૦૪/૨૦૨૧ ના રોજ ગુજરી ગયેલ છે, જેથી વાદીએ તેઓને આ દાવાના કામે જોડેલા નથી અને આ કામના પ્રતિવાદી નં.૫ અને ૬ નાઓ વાદીના કુટુંબના સભ્યો છે. વાદીના પિતા ગુજ. દેવશીભાઇ ભવાનભાઇ ગોંડલીયાનું તા. ૧૬/૦૫/૧૯૮૦ ના રોજ અવસાન થયેલુ ત્યારે વાદી માત્ર ૧૦ માસની ઉમરના સગીર વયના હતા. વાદીના માતૃશ્રી તથા વાદી ઉપર આવી પડેલ દુ:ખના કારણે તેમજ વાદીના ગુજ. માતૃશ્રીને તેમના સાસરીયાપક્ષ તરફથી વાદીને કે તેમના માતૃશ્રીને કોઇ સાથ સહકાર ન હોય એટલે વાદીના માતૃશ્રી વાદીને લઇ પિયરમાં રહેવા આવી ગયેલ હતા અને વાદીને ઉછેરીને, ભણાવી-ગણાવી અને વરાવી પરણાવીને જવાબદારી નિભાવેલ હતી. વાદીની વડીલોપાર્જીત ખેતીની જમીન અમરેલી જીલ્લાના

અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામની સીમમાં આવેલ ખાતા નં. ૭૩ જેના સર્વે નં. ૧૦૪/૧ થી હે.આરે.ચો.મી. ૧–૨૩–૪૩ થી ગુજ. પાંચાભાઇ ભવાનભાઇ ગોંડલીયાના નામે સ્વતંત્ર ખાતે ધરાવતા હતા, જેને હવે પછી દાવામાં ''દાવાવાળી જમીન'' તરીકે સંબોધવામા આવશે જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે :

પૂર્વે :– પ્રવીણભાઇ કલ્યાણભાઈની જમીન આવેલ છે.
પશ્ચીમે :– બાલુભાઇ શામજીભાઈની જમીન આવેલ છે.
ઉત્તરે :– ગૌચરની જમીન આવેલ છે.
દક્ષીણે :– શેત્રુંજય નદી આવેલ છે.

વધુમાં વાદીની દાવા અરજીની હકીકત એવી છે કે : આ કામના પ્રતિવાદી નં.૪ ગુજ. મનસુખભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા પ્રતિવાદી નં.૫ ગુજ. બાલુભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા ગુજ. સંતોકબેન વા/ઓ ભવાનભાઇ ગોંડલીયાનાઓએ, વાદીના દાદા ગુજ. ભવાનભાઇ પાચાભાઇ ગોંડલીયા ગુજરી જતા પ્રતિવાદી નં.૪ અને ૫ નાનઓએ ખોટુ પેઢીનામુ બનાવીને ગુજ. ભવાનભાઇ પાચાભાઇ ગોંડલીયાના વારસદારોના પેઢીનામામાં ૩ વ્યકિત, જેમાં ક્રમ નં. ૧ ઉપર સંતોકબેન તે ભવાનભાઇ પાચાભાઇ વિધવા, નં.૨ ઉપર મનસુખભાઇ ભવાનભાઇ અને નં. ૩ ઉપર બાલુભાઇ ભવાનભાઇના નામ દર્શાવી વાદીના પિતા ગુજ. દેવશીભાઇ ભવાનભાઇ ગોંડલીયાનું નામ પેઢીનામામાં ન દર્શાવી વાદીની વડીલોપાર્જીત ખેતીની જમીન જેના સર્વે નં. ૧૦૪/૧ વાળી જમીનમાં વારસાઇ નોંધ કરવા ખોટુ પેઢીનામુ બનાવી નોંધ નં. ૯૮૦ તા. ૧૫/૦૯/૧૯૮૪ ના રોજ પ્રતિવાદી નં.૩ નાએ મંજૂર કરેલ છે જે ગેરકાયદેસર નોંધ હોય, નોંધ રદ થવાને પાત્ર છે. વાદીની મોજે વિઠ્ઠલપુર ગામે આવેલ વડીલોપાર્જીત ખેતી જમીન બાબતે ઈ–ધરા કેન્દ્ર ખાતે ૭/૧૨ સને ૨૦૧૯ ની સાલમાં કઢાવતા વાદીને માલુમ પડેલ કે, આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓએ ૧૯૮૫ ની સાલમા ખોટા પેઢીનામાના આધારે વડીલોપાર્જીત જમીનમા નોંધ નં. ૯૮૦ થી પોતાના નામે વારસાઇ રેવન્યુ એન્ટ્રી કરાવી લીધેલ છે, જેથી

વાદીએ નોંધ નં. ૯૮૦ ના સાધનીક કાગળોની ખરી નકલો મેળવતા માલુમ પડેલ કે, નોંધ નં. ૯૮૦ ના કામે પ્રતિવાદી નં.૪ ગુજ. મનસુખભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા પ્રતિવાદી નં.૫ ગુજ. બાલુભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા ગુજ. સંતોકબેન વા/ઓ ભવાનભાઇ ગોંડલીયા નાઓએ તા. ૧૫/૦૯/૧૯૮૪ ના રોજ ખોટુ પેઢીનામુ બનાવી તે પેઢીનામાના આધારે ખોટી વારસાઇ એન્ટ્રી કરાવેલ છે, જેથી વાદીએ તથા તેમના ગુજ. માતૃશ્રીએ પ્રતિવાદી નં.૨ સમક્ષ નોંધ નં. ૯૮૦ રદ કરવા અરજ કરેલ.

વધુમાં વાદીની દાવા અરજીની હકીકત એવી છે કે : વાદીએ નોંધ નં. ૯૮૦ રદ કરવા પ્રતિવાદી નં.૨ સાહેબ સમક્ષ તા. ૦૨/૦૧/૨૦૧૯ ના રોજ દાખલ કરતા જેનો અપીલ નં. જ.મ.નિ.નિ. નં. ૧૦૮(૫) કેસ નં. ૧/૨૦૧૯ થી અરજ કરેલ અને તે અરજના કામે પ્રતિવાદી નં.૨ સાહેબે તા. ૨૯/૦૬/૨૦૧૯ ના રોજ વાદીની અરજી ''નામંજુર'' કરતો હુકમ કરેલો. વાદી તથા તેમના ગુજ. માતૃશ્રીએ નોંધ નં. ૯૮૦ રદ કરવા આ કામના પ્રતિવાદી નં.૧ સાહેબ સમક્ષ તા. ૧૩/૦૮/૨૦૧૯ ના રોજ દાખલ કરતા, જેનો અપીલ નં. જ.મ.નિ.નિ. નં. ૧૦૮(૬) કેસ નં. ૨૬/૨૦૨૦ થી અરજ કરેલ અને તે અરજના કામે પ્રતિવાદી નં.૧ સાહેબે તા. ૦૭/૦૧/૨૦૨૧ ના રોજ વાદીની અરજી ''નામંજુર'' કરતો હુકમ કરેલ છે. જો કે ઉપરોકત હુકમ ધ્યાને લેવામા આવે તો તેમા નામ. કલેકટર સાહેબે નોંધ નં. ૯૮૦ ના કામે રજુ કરેલ પેઢીનામુ અને હાલમા રજુ કરેલ પેઢીનામુ જોવામાં આવે તો હાલના વાદી વાદગ્રસ્ત જમીનના કાયદેસરના વારસદારો છે તેવુ નામ. કલેકટરશ્રીહે સંપૂર્ણ ઠરાવેલ છે. પ્રતિવાદી નં. ૪ અને ૫ નાએ તથા ગુજ. સંતોકબેન તે ભવાનભાઇ પાચાભાઇના વિધવાએ એકસંપ થઇ વાદીની વડીલોપાર્જીત જમીન વાદીઓ હિસ્સો સમાયેલો હોય, તેમ છતાં વાદીની જાણ બહાર અને સંમતી વગર તેમજ વાદીને કોઇપણ જાતનો હિસ્સો આપયા વગર, વાદીનો હિસ્સો ડુબાડીને દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ અમરેલી સબરજીસ્ટ્રાર ઓફીસનાં અનુક્રમ નં. ૧૮૩૧ થી તા. ૨૨/૦૭/૧૯૯૬ ના રોજ આ કામના પ્રતિવાદી નં.૬ નાને રૂા. ૧૦,૦૦૦/– થી ગેરકાયદેસર

વેચાણ કરી નાંખેલ છે, જે વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો અને રદબાતલ હોય, જે દસ્તાવેજ કાયદેસરનો ન હોય અને તે રદ થવાને પાત્ર છે.

વધુમાં વાદીની દાવા અરજીની હકીકત એવી છે કે : આ કામના પ્રતિવાદી નં.૬ નાએ ગેરકાયદેસર રીતે ખરીદ કરેલ દાવાવાળી જમીનની રેવન્યુ એન્ટ્રી પોતાના નામે કરવા સારુ અરજ કરેલ, પરંતુ રેવન્યુ એન્ટ્રી નં. ૧૫૪૪ તા. ૧૭/૦૧/૨૦૦૭ ના રજો રદ કરતો હુકમ કરેલ છે.વાદીએ તથા તેમના માતૃશ્રીએ પ્રતિવાદી નં.ર સમક્ષ નોંધ નં. ૯૮૦ ના હુકમથી નારાજ થઇ પ્રતિવાદી નં.૧ સમક્ષ અપીલ નં. જ.મ.નિ.નિ. નં. ૧૦૮(૬) કેસ નં. ૨૬/૨૦૨૦ થી અરજ કરેલી તે અરજના કામે પ્રતિવાદી નં.૩ સાહેબે તા. ૦૭/૦૧/૨૦૨૧ ના રોજ આપેલ ઠરાવના કામે વાદીના પિતા ગુજ. દેવશીભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા વાદી ગુજ. ભવાનભાઇ પાચાભાઇના કાયદેસરના વારસદારો હોવાનુ માનેલ છે અને સાબીત થયેલ છે, ત્યારે દાવાવાળી જમીનનો દસ્તાવેજ નં. ૧૮૩૧ રદ થવાને પાત્ર છે. આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓએ પ્રતિવાદી નં.૬ ની તરફેણમાં ઉપરોકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપી વાદીનો હકક-હિત, હિસ્સો ડુબાડેલ હોય જેથી સદર રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે તેમજ પ્રતિવાદી નં.૬ આ જમીન અન્ય કોઇને વેચાણ કે ગીરો કે બક્ષીસ કે વાદગ્રસ્ત જમીન ઉપર કોઇ લોન મેળવે નહી તેવો મનાઇ હુકમ માંગતી અરજ કરવા વાદીઓને હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે.

વધુમાં વાદીએ દાવાનું કારણ, સમય મર્યાદા, હકુમત બાબત, દાવાનો આંક તથા કોર્ટ ફી બાબતે જણાવી **સદરહું દાવા સબબ એવી માંગણી કરેલ છે કે, (૧)** અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠૃલપુર ગામે આવેલ સીમ સર્વે નં. ૧૦૪/૧ હે.આરે.ચો.મી. ૧-૨૩-૪૩ આકાર રૂપિયા ૭.૫૬/- પિયતવાળી જમીન વાદીઓની વડીલોપાર્જીત મિલકત હોવાનું ઠરાવી આપવા અરજ છે. **(૨)** અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠૃલપુર ગામે આવેલ સીમ સર્વે નં. ૧૦૪/૧ હે.આરે.ચો.મી. ૧-૨૩-૪૩ આકાર રૂપિયા ૭.૫૬/- પિયતવાળી જમીનમાં વાદીઓનો વારસાઇ હકક, હિત, હિસ્સો સમાયેલો હોય, જેથી સદર જમીનમાંથી વાદીનો ૧/૩ હિસ્સો ઠરાવી

આપવા, (૩) અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામે આવેલ સીમ સર્વે નં. ૧૦૪/૧ હે.આરે.ચો.મી. ૧–૨૩–૪૩ આકાર રૂપિયા ૭.૫૬/– પિયતવાળી જમીનમાં વાદીઓનો વારસાઇ હકક, હિત, હિસ્સો સમાયેલો હોય, જેથી પ્રતિવાદી નં.૪ અને ૫ સદર જમીનનો અન્ય કોઇને વેચાણ દસ્તાવેજ કરવા કોઈ હકક કે અધિકાર ન હોય તેવુ ઠરાવી આપવા, (૪) અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામે આવેલ સીમ સર્વે નં. ૧૦૪/૧ હે.આરે.ચો.મી. ૧–૨૩–૪૩ આકાર રૂપિયા ૭.૫૬/– પિયતવાળી જમીનનો ગુજ. પ્રતિવાદી નં.૪ અને ૫ નાએ પ્રતિવાદી નં.૬ ને તા. ૨૨/૦૭/૧૯૯૬ ના રોજ રૂ. ૧૦,૦૦૦/– ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૮૩૧ થી કરી આપેલ છે તે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર બિનઅમલી અને રદબાતલ હોવાનુ ઠરાવી આપવા, (૫) આ કામના પ્રતિવાદી નં.૩ નાએ તા. ૧૫/૦૯/૧૯૮૪ ના રોજ ખોટા પેઢીનામાનાં આધારે દાવાવાળી જમીનમાં હકકપત્રક વારસાઇ નોંધ નં. ૯૮૦ થી તા. ૨૦/૦૪/૧૯૮૫ ના રોજ મંજૂર કરેલી નોંધ રદબાતલ ઠરાવવા (૬) અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામની દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૪, ૫ અને ૬ નાઓ અન્ય કોઇને વેચાણ બક્ષીસ તેમના એજન્ટ મારફત કે પોતે કે કુલમુખત્યારથી અન્ય કોઇને વેચાણ કરે કે કરાવે નહી તેવો કાયમી મનાઇ હુકમ અપાવવા (૭) સદર દાવો પ્રતિવાદીઓના કસુરના કારણે કરવો પડેલ હોય જેથી આ દાવાનો તમામ ખર્ચ આ કામના પ્રતિવાદીઓ પાસેથી અપાવવા તેમજ નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી તમામ દાદ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કામે પ્રતિવાદીઓને વાદીઓની દાવા અરજના સમન્સ/નોટીસ ની ધોરણસર રીતે બજવણી અવારનવાર કરવા છતાં પણ પ્રતિવાદી નં. ૧ થી ૩નો જવાબનો હક તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ તથા નં.૪/૧ થી ૪/૩ નો જવાબનો હક તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ તથા નં.૫/૧ થી ૫/૩ નો જવાબનો હક તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ તથા નં.૬

નો જવાબનો હક તા.૦૧/૦૪/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલત દવારા બંધ કરવામાં આવેલ છે.

**(૩) ત્યારબાદ વાદી તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખવામાં આવેલ છે.**

**-: મૌખિક પુરાવા :-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી – યોગેશભાઇ સ/ઓ દેવશીભાઇ ગોંડલીયા નાઓનું સોગંદ પરના પુરાવા સ્વરૂપેનું સરતપાસનુ સોગંદનામુ | ૩૫ |

**-: દસ્તાવેજી પુરાવા :-**

| ક્રમ | દસ્તાવેજો | આંક |
|---|---|---|
| ૧ | તા. ૨૨/૦૭/૧૯૯૬ ના રોજના દસ્તાવેજ નં. ૧૮૩૧ ની ખરી નકલ | ૪૧ |
| ૨ | નં. જ.મ.નિ.નિ. ૧૦૮(૬) કેસ નં. ૨૬/૨૦ ના કલેકટરશ્રી ના હુકમની નકલ | ૪૨ |
| ૩ | ૧૩૫ – ડી ની નોટીસ તથા તેના સાધનીક કાગળો | ૪૩ |
| ૪ | ગામ નમુના નં. ૬ હકકપત્રક એન્ટ્રી નં.૭૯૯ ની ખરી નકલ | ૪૪ |
| ૫ | ગામ નમુના નં. ૬ હકકપત્રક એન્ટ્રી નં.૯૮૦ ની ખરી નકલ | ૪૫ |
| ૬ | વાદીનુ પેઢીનામુ | ૪૬ |
| ૭ | વાદીના માતૃશ્રીના મરણનો દાખલો | ૪૭ |

ત્યારબાદ વાદી તરફે તેઓના વિ.વકીલશ્રી નાઓએ **આંક : ૪૮** થી કલોઝીંગ પુરશીશ રજુ રાખેલ છે. તેમજ પ્રતિવાદી નં. ૧ થી ૩ નાઓ તરફે જી.સ.વ.શ્રી નાઓએ **આંક–૪૯** થી કલોઝીંગ પુરશીશ રજુ રાખેલ છે.

(૪) સદરહું દાવાના કામે **વાદી તરફે વિ.વકીલ શ્રી એસ.એ.મહેતા તથા પ્રતિવાદી નં.૧ થી ૩ જિલ્લા સરકારી વકીલશ્રી જે.બી.રાજગોરનાઓની મૌખીક દલીલ સાંભળવામા આવેલ છે.**

(૫) આ કામે હાલના દાવાના ન્યાય નિર્ણય અર્થે **આંક : ૨૯** થી **તા. ૧૭/૦૬/૨૦૨૫** ના રોજ મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી દ્વારા નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલ છે.

**-: મુદા :-**

(1) Whether the plaintiff proves that he and defendant no. 4/1 to 5 are members of a joint hindu family ?

(2) Whether the plaintiff proves that suit properties are ownership of a hindu family ?

(3) Whether the plaintiff proves that he has 1/3rd share in the suit properties ?

(4) Whether the plaintiff proves that the registered sale-deed no 1831, Dtd. 22/07/1996 in favor of the defendant no. 6 is illegal and void?

(5) Whether the suit is barred by law of limitation ?

(6) Whether the suit is bad for delay and laches?

(7) Whether the plaintiff is entitled to relief(s) as he claimed?

(8) What order and decree ?

**(૬) ઉપરોકત મુદા પરત્વેના નિર્ણયોના જવાબ નીચે મુજબ છે :**

(૧) મુદા નં. ૧ હકારમાં

(૨) મુદા નં. ૨ હકારમાં

(૩) મુદા નં. ૩ હકારમાં

(૪) મુદા નં. ૪ હકારમાં

(૫) મુદા નં. ૫ નકારમાં

(૬) મુદા નં. ૬ નકારમા

(૭) મુદા નં. ૭ હકારમા

(૮) મુદ્દા નં. ૮ આખરી હુકમ મુજબ.

## **-: કા ર ણો :-**

**(૭.૧) મુદ્દા નં.૧ થી ૪ પરત્વે**

**(૭.૧.૧)** સદરહું મુદ્દા નં.૧ થી ૪ એકબીજા સાથે પરસ્પર રીતે સંકળાયેલા હોય તમામ મુદ્દાઓના નિર્ણયોના કારણોની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. સદરહુ મુદ્દાઓ સાબિત કરવાનો બોજો વાદીના શીરે છે.

જેના અનુસંધાનમાં આ કામના વાદીએ તેઓની આંક-૧ ની દાવા અરજીના સમર્થનમાં આંક-૩૫ થી સી.પી.કોડના ઓ.-૧૮, રૂલ-૪ મુજબનું લેખિત સરતપાસનુ સોગંદનામુ રજુ કરી એવી હકીકત જણાવેલ છે કે,

વાદી મોજે અમરેલી મુકામે તેમના કુટુંબ સાથે રહે છે અને વાદીના માતૃશ્રી ઉષાબેન દેવશીભાઇ ગોંડલીયા તા. ૦૨/૦૪/૨૦૨૧ ના રોજ ગુજરી ગયેલ છે, જેથી વાદીએ તેઓને આ દાવાના કામે જોડેલા નથી અને આ કામના પ્રતિવાદી નં.૫ અને ૬ નાઓ વાદીના કુટુંબના સભ્યો છે. વાદીના પિતા ગુજ. દેવશીભાઇ ભવાનભાઇ ગોંડલીયાનું તા. ૧૬/૦૫/૧૯૮૦ ના રોજ અવસાન થયેલુ ત્યારે વાદી માત્ર ૧૦ માસની ઉમરના સગીર વયના હતા. વાદીના માતૃશ્રી તથા વાદી ઉપર આવી પડેલ દુ:ખના કારણે તેમજ વાદીના ગુજ. માતૃશ્રીને તેમના સાસરીયાપક્ષ તરફથી વાદીને કે તેમના માતૃશ્રીને કોઇ સાથ સહકાર ન હોય એટલે વાદીના માતૃશ્રી વાદીને લઇ પિયરમાં રહેવા આવી ગયેલ હતા અને વાદીને ઉછેરીને, ભણાવી-ગણાવી અને વરાવી પરણાવીને જવાબદારી નિભાવેલ હતી. વાદીની વડીલોપાર્જીત ખેતીની જમીન અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામની સીમમાં આવેલ ખાતા નં. ૭૩ જેના સર્વે નં. ૧૦૪/૧ થી હે.આરે.ચો.મી. ૧-૨૩-૪૩ થી ગુજ. પાંચાભાઇ ભવાનભાઇ ગોંડલીયાના નામે સ્વતંત્ર ખાતે ધરાવતા હતા, જેને હવે પછી દાવામાં ''દાવાવાળી જમીન'' તરીકે સંબોધવામા આવશે જેની ચર્તુ:સીમા નીચે મુજબ છે :

પૂર્વે :– પ્રવીણભાઇ કલ્યાણભાઇની જમીન આવેલ છે.

પશ્ચીમે :– બાલુભાઇ શામજીભાઇની જમીન આવેલ છે.

ઉત્તરે :– ગૌચરની જમીન આવેલ છે.

દક્ષીણે :– શેત્રુંજય નદી આવેલ છે.

આ કામના પ્રતિવાદી નં.૪ ગુજ. મનસુખભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા પ્રતિવાદી નં.૫ ગુજ. બાલુભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા ગુજ. સંતોકબેન વા/ઓ ભવાનભાઇ ગોંડલીયાનાઓએ, વાદીના દાદા ગુજ. ભવાનભાઇ પાચાભાઇ ગોંડલીયા ગુજરી જતા પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓએ ખોટુ પેઢીનામુ બનાવીને ગુજ. ભવાનભાઇ પાચાભાઇ ગોંડલીયાના વારસદારોના પેઢીનામામાં ૩ વ્યકિત, જેમાં ક્રમ નં. ૧ ઉપર સંતોકબેન તે ભવાનભાઇ પાચાભાઇ વિધવા, નં.૨ ઉપર મનસુખભાઇ ભવાનભાઇ અને નં. ૩ ઉપર બાલુભાઇ ભવાનભાઇના નામ દર્શાવી વાદીના પિતા ગુજ. દેવશીભાઇ ભવાનભાઇ ગોંડલીયાનું નામ પેઢીનામામાં ન દર્શાવી વાદીની વડીલોપાર્જીત ખેતીની જમીન જેના સર્વે નં. ૧૦૪/૧ વાળી જમીનમાં વારસાઇ નોંધ કરવા ખોટુ પેઢીનામુ બનાવી નોંધ નં. ૯૮૦ તા. ૧૫/૦૯/૧૯૮૪ ના રોજ પ્રતિવાદી નં.૩ નાએ મંજૂર કરેલ છે જે ગેરકાયદેસર નોંધ હોય, નોંધ રદ થવાને પાત્ર છે. વાદીની મોજે વિઠ્ઠલપુર ગામે આવેલ વડીલોપાર્જીત ખેતી જમીન બાબતે ઇ–ધરા કેન્દ્ર ખાતે ૭/૧૨ સને ૨૦૧૯ ની સાલમાં કઢાવતા વાદીને માલુમ પડેલ કે, આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓએ ક૯૮૫ ની સાલમા ખોટા પેઢીનામાના આધારે વડીલોપાર્જીત જમીનમા નોંધ નં. ૯૮૦ થી પોતાના નામે વારસાઇ રેવન્યુ એન્ટ્રી કરાવી લીધેલ છે, જેથી વાદીએ નોંધ નં. ૯૮૦ ના સાધનીક કાગળોની ખરી નકલો મેળવતા માલુમ પડેલ કે, નોંધ નં. ૯૮૦ ના કામે પ્રતિવાદી નં.૪ ગુજ. મનસુખભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા પ્રતિવાદી નં.૫ ગુજ. બાલુભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા ગુજ. સંતોકબેન વા/ઓ ભવાનભાઇ ગોંડલીયા નાઓએ તા. ૧૫/૦૯/૧૯૮૪ ના રોજ ખોટુ પેઢીનામુ બનાવી તે પેઢીનામાના આધારે ખોટી વારસાઇ એન્ટ્રી કરાવેલ છે,

જેથી વાદીએ તથા તેમના ગુજ. માતૃશ્રીએ પ્રતિવાદી નં.ર સમક્ષ નોંધ નં. ૯૮૦ રદ કરવા અરજ કરેલ.

વાદીએ નોંધ નં. ૯૮૦ રદ કરવા પ્રતિવાદી નં.ર સાહેબ સમક્ષ તા. ૦ર/૦૧/ર૦૧૯ ના રોજ દાખલ કરતા જેનો અપીલ નં. જ.મ.નિ.નિ. નં. ૧૦૮(પ) કેસ નં. ૧/ર૦૧૯ થી અરજ કરેલ અને તે અરજના કામે પ્રતિવાદી નં.ર સાહેબે તા. ર૯/૦૬/ર૦૧૯ ના રોજ વાદીની અરજી ''નામંજુર'' કરતો હુકમ કરેલો. વાદી તથા તેમના ગુજ. માતૃશ્રીએ નોંધ નં. ૯૮૦ રદ કરવા આ કામના પ્રતિવાદી નં.૧ સાહેબ સમક્ષ તા. ૧૩/૦૮/ર૦૧૯ ના રોજ દાખલ કરતા, જેનો અપીલ નં. જ.મ.નિ.નિ. નં. ૧૦૮(૬) કેસ નં. ર૬/ર૦ર૦ થી અરજ કરેલ અને તે અરજના કામે પ્રતિવાદી નં.૧ સાહેબે તા. ૦૭/૦૧/ર૦ર૧ ના રોજ વાદીની અરજી ''નામંજુર'' કરતો હુકમ કરેલ છે. જો કે ઉપરોકત હુકમ ધ્યાને લેવામા આવે તો તેમા નામ. કલેકટર સાહેબે નોંધ નં. ૯૮૦ ના કામે રજુ કરેલ પેઢીનામુ અને હાલમા રજુ  કરેલ પેઢીનામુ જોવામાં આવે તો હાલના વાદી વાદગ્રસ્ત જમીનના કાયદેસરના વારસદારો છે તેવુ નામ. કલેકટરશ્રીહે સંપૂર્ણ ઠરાવેલ છે. પ્રતિવાદી નં. ૪ અને પ નાએ તથા ગુજ. સંતોકબેન તે ભવાનભાઇ પાચાભાઇના વિધવાએ એકસંપ થઇ વાદીની વડીલોપાર્જીત જમીન વાદીઓ હિસ્સો સમાયેલો હોય, તેમ છતાં વાદીની જાણ બહાર અને સંમતી વગર તેમજ વાદીને કોઇપણ જાતનો હિસ્સો આપયા વગર, વાદીનો હિસ્સો ડુબાડીને દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ અમરેલી સબરજીસ્ટ્રાર ઓફીસનાં અનુક્રમ નં. ૧૮૩૧ થી તા. રર/૦૭/૧૯૯૬ ના રોજ આ કામના પ્રતિવાદી નં.૬ નાને રૂા. ૧૦,૦૦૦/– થી ગેરકાયદેસર વેચાણ કરી નાંખેલ છે, જે વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસરનો અને રદબાતલ હોય, જે દસ્તાવેજ કાયદેસરનો ન હોય અને તે રદ થવાને પાત્ર છે.

આ કામના પ્રતિવાદી નં.૬ નાએ ગેરકાયદેસર રીતે ખરીદ કરેલ દાવાવાળી જમીનની રેવન્યુ એન્ટ્રી પોતાના નામે કરવા સારુ અરજ કરેલ, પરંતુ રેવન્યુ એન્ટ્રી નં. ૧પ૪૪ તા. ૧૭/૦૧/ર૦૦૭ ના રજો રદ કરતો હુકમ કરેલ છે.વાદીએ તથા તેમના માતૃશ્રીએ પ્રતિવાદી નં.ર સમક્ષ નોંધ નં. ૯૮૦

ના હુકમથી નારાજ થઇ પ્રતિવાદી નં.૧ સમક્ષ અપીલ નં. જ.મ.નિ.નિ. નં. ૧૦૮(૬) કેસ નં. ૨૬/૨૦૨૦ થી અરજ કરેલી તે અરજના કામે પ્રતિવાદી નં.૩ સાહેબે તા. ૦૭/૦૧/૨૦૨૧ ના રોજ આપેલ ઠરાવના કામે વાદીના પિતા ગુજ. દેવશીભાઇ ભવાનભાઇ ગોંડલીયા તથા વાદી ગુજ. ભવાનભાઇ પાચાભાઇના કાયદેસરના વારસદારો હોવાનુ માનેલ છે અને સાબીત થયેલ છે, ત્યારે દાવાવાળી જમીનનો દસ્તાવેજ નં. ૧૮૩૧ રદ થવાને પાત્ર છે. આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫ નાઓએ પ્રતિવાદી નં.૬ ની તરફેણમાં ઉપરોકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપી વાદીનો હકક–હિત, હિસ્સો ડુબાડેલ હોય જેથી સદર રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે તેમજ પ્રતિવાદી નં.૬ આ જમીન અન્ય કોઇને વેચાણ કે ગીરો કે બક્ષીસ કે વાદગ્રસ્ત જમીન ઉપર કોઇ લોન મેળવે નહી તેવો મનાઇ હુકમ માંગતી અરજ કરવા વાદીઓને હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે.

સદર કામના વાદીની પ્રતિવાદી નં.૧ થી ૩નાઓ તર્ફે ઉલટતપાસ કરવામા આવતા વાદી જણાવે છે કે, '' એ વાત ખરી છે કે મારે પ્રતિવાદી નં.૧ થી ૩ સામે કોઈ દાદ નથી. એ વાત ખરી નથી કે મે પ્રતિવાદી નં.૩ સામે ખોટું પેઢીનામું કરવા અંગે ખોટા આક્ષેપો કરેલા છે. ''

આમ, આ કામના વાદીએ આંક–૩૫ થી લેખિત સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે તેમજ આ કામના વાદીની દાવા અરજી સંબંધે તકરારી પ્રતિવાદી નં. ૪ થી ૬નાએ કોઈ લેખિત જવાબ હાલના દાવાના કામમાં રજુ કરેલ નથી. વધુમાં, વાદીની દાદ પ્રતિવાદી નં.૧ થી ૩ ની સામે નથી જેથી વાદી તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણેલેતા આ કામે આંક–૪૬ થી રજુ દસ્તાવેજ વંચાણે લેતા તે દસ્તાવેજ સ્વ.ભવાનભાઈ પાંચાભાઈ ગોંડલીયાનું પેઢીનામું છે જે પેઢીનામું વંચાણે લેતા ભવાનભાઈના પત્ની સંતોકબેન ગોંડલીયા તા.૨૫/૦૬/૨૦૦૩ ના રોજ અવસાન પામેલા છે જયારે ભવાનભાઈના અન્ય ત્રણ સંતાનો ના નામ જેમ કે, (૧) મનસુખ ભવાનભાઈ ગોંડલીયા, (૨) બાલુભાઈ ભવાનભાઈ ગોંડલીયા, તથા (૩)

દેવશીભાઈ ભવાનભાઈ ગોંડલીયા દર્શાવેલ છે જે ત્રણેય સંતાનો અવસાન પામેલા છે. જેથી મનસુખભાઈ ભવાનભાઈ ગોંડલીયાના વારસમાં ગં. સ્વ. મુકતાબેન મનસુખભાઈ ગોંડલીયા(પત્ની) (પ્રતિવાદી નં.૪/૧), તથા ભાવનાબેન મનસુખભાઈ ગોંડલીયા (પુત્રી) (પ્રતિવાદી નં.૪/૨) તથા રમેશભાઈ મનસુખભાઈ ગોંડલીયા (પુત્ર) (પ્રતિવાદી નં.૪/૩) છે જયારે બાલુભાઈ ભવાનભાઈ ગોંડલીયાના વારસોમાં ગં. સ્વ. કંચનબેન બાલુભાઈ ગોંડલીયા (પત્ની) (પ્રતિવાદી નં.૫/૧) તથા ગીતાબેન બાલુભાઈ ગોંડલીયા (પુત્રી) (પ્રતિવાદી નં.૫/૨) તથા સુરેશભાઈ બાલુભાઈ ગોંડલીયા (પુત્ર) (પ્રતિવાદી નં.૫/૩) તથા સ્વ. ઘનશ્યામભાઈ બાલુભાઈ ગોંડલીયા છે જયારે દેવશીભાઈ ભવાનભાઈ ગોંડલીયાના વારસોમાં ગં. સ્વ. ઉષાબેન દેવશીભાઈ ગોંડલીયા (પત્ની) તથા યોગેશભાઈ દેવશીભાઈ ગોંડલીયા (પુત્ર) (વાદી) નું નામ દર્શાવેલ છે. રેકર્ડ પરની હકીકતે દાવાવાળી સર્વે નં.૧૦૪/૧ વાળી ખેતીની જમીન ભવાનભાઈ પાંચાભાઈ ગોંડલીયાના નામે ચાલી આવેલ અને તેઓનું અવસાન થતા સદર જમીનના રેવન્યુ રેકર્ડમાં યાને કે હકકપત્રકમાં એન્ટ્રી નં.૯૮૦ પાડવામાં આવેલ કે જે આ કામે આંક-૪૫ થી રજુ છે તે વંચાણે લેતા સદર એન્ટ્રી તા.૧૫/૦૯/૧૯૮૪ ના રોજ પાડવામાં આવેલ. સદર એન્ટ્રી વારસાઈ અન્વયેની છે જે વંચાણે લેતા મુળ ખાતેદાર ગુ. ભવાનભાઈ પાંચાભાઈ ના વિધવા પત્ની તથા મનસુખભાઈ ભવાનભાઈ તથા બાલુભાઈ ભવાનભાઈના નામે વારસાઈ દાખલ થયેલ છે પરંતુ આ કામે વાદી તર્ફે રજુ થયેલ આંક-૪૬નું પેઢીનામું વંચાણે લેતા ભવાનભાઈ પાંચાભાઈ ગોંડલીયાના ત્રણ પુત્ર સંતાનો પૈકી દેવશીભાઈ ભવાનભાઈ ગોંડલીયા કે જેઓ તા.૧૬/૦૫/૧૯૮૦ ના રોજ અવસાન પામેલ હોય તેઓના સીધી લીટીના વારસદારોના નામ દાખલ કરવામાં આવેલ નથી જે અન્વયે એન્ટ્રી નં.૯૮૦ ને રદ કરવા અન્વયે આ કામના વાદીએ

કલેકટરશ્રી અમરેલીની કોર્ટમાં કેસ નં.૨૬૨૦ દાખલ કરેલ જે હુકમ આંક-૪૨ થી રજુ છે. રેકર્ડ પરની હકીકતે ભવાનભાઈ પાંચાભાઈ ગોંડલીયાના તમામ વારસોનું નામ વાદગ્રસ્ત જમીનના રેવન્યુ રેકર્ડ દાખલે કરવામાં આવેલ નથી. વાદીના હાલના દાવા પરત્વે પ્રતિવાદી નં.૪ થી ૫ નાએ મૌન સેવેલ છે તેમજ આ કામના વાદી સ્વ. દેવશીભાઈ ભવાનભાઈ ગોંડલીયાના એકના એક પુત્ર છે તથા ઉષાબેન દેવશીભાઈ ગોંડલીયાનું અવસાન થયેલ છે તેમ છતા પણ વાદીની ઉમર રેવન્યુ એન્ટ્રી નં.૯૮૦ પડી તે સમયે દસ માસની હોય જેથી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ વાદી જયારે પુખ્ત ઉમરના થાય ત્યારે તેઓ તેમના હક અધિકાર અન્વયે દાવો ઉપસ્થિત કરી શકે તેમ છે. જેથી આ કામના વાદી પ્રતિવાદી નં.૪/૧ થી ૫ ના સંયુકત હિન્દુ કુંટુંબના સભ્ય સાબિત થતા હોય તેમજ દાવાવાળી મિલકત સંયુકત હિન્દુ કુંટુંબની હોવાનું ફલિત થતું હોય તેમજ ભવાનભાઈ પાંચાભાઈ ગોંડલીયાના ત્રણ પુત્ર સંતાનો હોય જેમાં દેવશીભાઈ ભવાનભાઈ ગોંડલીયાના વાદી એક માત્ર પુત્ર સંતાન હોય જેથી દાવાવાળી જમીનમાં વાદીનો ૧/૩ હિસ્સો સમાયેલો હોવાનું ફલિત થતું હોય જેથી મુદા નં. ૧ થી ૩નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

મુદા નં.૪ પરત્વે જોઈએ તો આ કામના પ્રતિવાદી નં.૬નાએ તા.૨૨/૦૭/૧૯૯૬ ના રોજ દાવાવાળી જમીનનો વેચાણ દસ્તાવેજ આ કામના પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૩ ના વડીલ મનસુખભાઈ ભવાનભાઈ તથા પ્રતિવાદી નં.૫/૧ થી ૫/૩ ના વડીલ બાલુભાઈ ભવાનભાઈ તથા સંતોકભાઈ ભવાનભાઈ પાસેથી કરાવી લીધેલ. સદરહુ કામમાં પ્રતિવાદી નં.૬નાએ વાદીની દાવા અરજીનો કોઈ જવાબ રજુ કરેલ નથી તેમ છતાં આ કામના પ્રતિવાદીનં.૬ના દાવાવાળી જમીનના બોનાફાઈડ પરચેસર છે કે કેમ તે અન્વયે જોઈએ તો દસ્તાવેજ રજીસ્ટર થવા માત્ર થી પણ

મિલકતનો માલીકીહક પ્રાપ્ત થતો નથી. હાલના કેસમાં ઉપરોકત મુદા નં. ૧ થી ૩માં ચર્ચા કરી તે મુજબ દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદી નં.૪ થી ૫ ની હિન્દુ સંયુકત કુંટુંબની હોવાનું ફલિત થયેલ છે તેમજ વાદીનો દાવાવાળી જમીનમાં ૧/૩ હિસ્સો સાબિત થયેલ છે એન્ટ્રી નં.૯૮૦ દાખલ થઈ ત્યારે વાદીની ઉમર દસ માસની હતી તેમજ એન્ટ્રી નં.૯૮૦ ઘ્યાને લેતા વાદીના પિતા દેવશીભાઈ ગોંડલીચાનું અવસાન સને–૧૯૮૦માં થયેલ હોય જેથી દેવશીભાઈ ગોંડલીચાના કાયદેસરના વારસોના નામ એન્ટ્રી નં.૯૮૦માં નોંધવામાં આવેલ નથી જેથી સ્પષ્ટ રીતે સગીર સંતાનનો હક ડુબાડવાનો પ્રયત્ન કરવામાં આવેલ હોય તેવું ફલિત થતું હોય દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડે સંતોકબેન ભવાનભાઈ, મનસુખભાઈ ભવાનભાઈ, બાલુભાઈ ભવાનભાઈનું નામ ચાલતું હોય તેઓએ પ્રતિવાદી નં.૬ને દાવાવળી જમીનનો દસ્તાવેજ કરી આપેલ છે જે દસ્તાવેજ મુળ થી જ કાયદામાં નલ એન્ડ વોઈડ છે જેથી મુદા નં.૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(૭.૨) <u>મુદા નં.૫ તથા ૬ પરત્વે</u>**

સદરહું મુદા નં. ૫ તથા ૬ કાયદાના મુદા હોય જેથી કોર્ટે જોવાનું રહે છે કે શું વાદીના દાવાને મુદતનો બાધ નડે છે તેમજ વાદીના દાવાને ડીલે લેચીસના સિઘ્ધાંતનો બાધ નડે છે.

જેથી આ અન્વયે વાદીના દાવાનું કારણ વંચાણે લેતા વાદીએ જણાવેલ છે કે, મોજે વિઠલપુર ગામે આવેલ વડીલોપાર્જીત ખેતીની જમીન બાબતે ઈ–ધરા કેન્દ્દ ખાતે ૭–૧૨ સને–૨૦૧૮ની સાલમાં કઢાવતા વાદીને માલુમ પડેલ કે, આ કામના પ્રતિવાદી નં.૪ અને ૫નાઓએ સને–૧૯ ૮૫ ની સાલમાં ખોટા પેઢીનામાના આધારે વડીલોપાર્જીત જમીનમાં નોંધ નં.૯ ૮૦ થી પોતાના નામે વારસાઈ રેવન્યુ એન્ટ્રી કરાવી લીધેલ જેની નકલ મેળ વતા તા.૧૫/૦૯/૧૯૮૪ ના રોજ ખોટું પેઢીનામું બનાવી તે પેઢીનામાના

આધારે ખોટી વારસાઈ એન્ટ્રી કરાવેલ છે અને દાવાવાળી મિલકત પ્રતિવાદી નં .૬ ને વેચાણ દસ્તાવેજ કરેલ છે અને વાદીનો હક, હિત, હિસ્સો ડુબાડેલ હોય સદર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રદબાતલ ઠરાવવા માટે તેમજ વાદગ્રસ્ત જમીન અન્ય કોઈને વેચાણ કે ગીરો કે બક્ષિસ કે વાદગ્રસ્ત જમીન ઉપર ખેતીવાડીની કોઈ પણ લોન કે બોજો કરે નહી અને વાદીનો હક ડુબાડે નહી જેથી વાદીને હાલનો દાવો દાખલ કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે તેવું જણાવેલ છે.

સદર કામના પ્રતિવાદીઓએ વાદીની દાવા અરજી સંબંધે કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી પરંતુ વાદીના દાવાને લીમીટેશન તેમજ ડીલે લેચીસનો બાધ નડે છે કે કેમ તે કાયદાનો મુખ્ય મુદો હોય તે સંદર્ભે વાદીની પ્રતિવાદીનં.૧ થી૩ તર્ફે ઉલટ તપાસ વંચાણે લેતા વાદી જણાવે છે કે, '' એ વાત ખરી નથી કે અમો કલેકટરશ્રીના હુકમ સામે ખાસ સચિવ સામે ગયેલ છીએ પરંતુ તે અપીલનો નિર્ણય થયેલ નથી. એ વાત ખરી નથી કે મે ઘણા લાંબા સમયે હાલનો દાવો દાખલ કરેલ હોય જેથી પ્રતિવાદી નં.૩ના તથા ર ના હુકમ ખોટો હોવાનો હું ખોટા આક્ષેપ કરૂ છુ.''

જેથી વાદીએ હાલનો દાવો સને–૨૦૧૮ ની સાલમાં દાવાવાળી જમીનના ૭–૧૨ ની નકલ કઢાવતા વાદીને જાણ થયેલ છે કે, દાવાવાળી જમીનમાં વારસાઈ એન્ટ્રી નં.૯૮૦ ખોટા પેઢીનામાના આધારે દાખલ થયેલ છે ત્યાર બાદ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૬ ને વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવેલ છે. હાલના દાવાના કામમાં વાદી તર્ફે આંક–૪૨ થી રજુ કલેકટરશ્રીનો કેસ નં.૨૬/૨૦૨૦ નો હુકમ વંચાણે લેતા કલેકટરશ્રીએ વાદીની વિવાદ અરજી તા.૦૭/૦૧/૨૦૨૧ ના રોજ ના–મંજુર કરેલ છે. વાદીએ કલેકટરશ્રી રૂબરૂ સદર વિવાદ અરજી નાયબ કલેકટરશ્રી સમક્ષના કેસ નં.૧/૨૦૧૯ ના તા.૨૯/૦૬/૨૦૧૯ ના હુકમથી

નારાજ થઈ દાખલ કરેલ જેથી અત્રે એ હકીકત સ્પષ્ટ થાય છે કે સને–૨૦૧૮ પછી વાદીએ દાવાવાળી જમીન અન્વયે રેવન્યુ તકરાર ઉપસ્થિત કરેલ જેથી વાદીએ હાલનો દાવો અત્રેની અદાલતમાં તા.૦૬/૧૨/૨૦૨૧ ના રોજ દાખલ કરેલ છે વાદીએ હાલના દાવામાં વડીલોપાર્જીત મિલકતમાં હક, હિત હિસ્સો ઠરાવી આપવા તેમજ તા.૨૨/૦૭/૧૯૯૬ નો દસ્તાવેજ રદ કરાવવા હાલનો દાવો દાખલ કરેલ છે જેથી લીમીટેશન એકટ મુજબ વડીલોપાર્જીત મિલકતમાં હકી, હિત હિસ્સો ઠરાવી આપવા બાર વર્ષની સમયમર્યાદા નકકી કરવામાં આવેલ છે જયારે દસ્તાવેજ રદ કરવા બાબતે લીમીટેશન એકટના આર્ટીકલ પ૯ મુજબ ત્રણ વર્ષની સમયમર્યાદા નકકી કરવામાં આવેલ છે જેમાં એવી જોગવાઈ નકકી કરવામાં આવેલ છે કે જયારે વાદીને દસ્તાવેજ અથવા હુકમનામું રદ કરવા અથવા બાજુ પર રાખવા અથવા કરાર રદ કરવાનો અઢિ ધકાર આપતી હકીકતો પહેલા તેને ખબર પડે છે. આમ, રેકર્ડ પરની હકીકતે વાદીને દસ્તાવેજ થયાની જાણ સને–૨૦૧૮ માં દાવાવળી જમીનની ૭–૧૨ ની નકલ કઢાવતા માલુમ પડેલ જેથી ત્રણ વર્ષની મુદતમાં વાદીએ હાલનો દાવો અત્રેની અદાલતમાં દાખલ કરેલ હોય દાવીના દાવાને મુદતનો તથા ડીલે લેચીસનો બાધ નડતો ન હોય મુદા નં.પ તથા ૬નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૭.૩) <u>મુદા નં.૭ પરત્વે</u>

આ કામનાં વાદી દાવાના કોઝ ઓફ એકશનને લગતા મુદા નં.૧ થી ૪ સાબીત કરવામાં સફળ ગયેલા હોય જેથી આ કામનાં વાદીએ તેઓની દાવા અરજીનાં પેરા –૧૬ માં જે માંગણી કરેલ છે તેવી માંગણી અત્રેની અદાલતને હાલના દાવાનાં કામમાં અપાવવી વ્યાજબી અને ન્યાયી જણાતી હોય મુદા નં.૭ નો જવાબ હકારમાં આપી મુદા નં.૮ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) વાદીનો હાલનો દાવો ''**મંજુર**'' કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામે આવેલ સીમ સર્વે નં. ૧૦૪/૧ હે.આરે.ચો.મી. ૧-૨૩-૪૩ આકાર રૂપિયા ૭.૫૬/- પિયતવાળી જમીન વાદીની વડીલોપાર્જીત મિલકત હોય સદર મિલકતમાં વાદીનો ૧/૩ હિસ્સો હોવાનું આથી હોવાનું ઠરાવી આપવામાં આવે છે.

(૩) અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામે આવેલ સીમ સર્વે નં. ૧૦૪/૧ હે.આરે.ચો.મી. ૧-૨૩-૪૩ આકાર રૂપિયા ૭.૫૬/- પિયતવાળી જમીનમાં વાદીનો વારસાઇ હકક, હિત, હિસ્સો સમાયેલો હોય, જેથી પ્રતિવાદી નં.૪ અને ૫ સદર જમીનનો અન્ય કોઇને વેચાણ દસ્તાવેજ કરવા કોઇ હકક કે અધિકાર ન હોય તેવુ ઠરાવી આપવામાં આવે છે.

(૪) અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામે આવેલ સીમ સર્વે નં. ૧૦૪/૧ હે.આરે.ચો.મી. ૧-૨૩-૪૩ આકાર રૂપિયા ૭.૫૬/- પિયતવાળી જમીનનો ગુજ. પ્રતિવાદી નં.૪ અને ૫ નાએ પ્રતિવાદી નં.૬ ને તા. ૨૨/૦૭/૧૯૯૬ ના રોજ રૂા. ૧૦,૦૦૦/- ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૮૩૧ થી કરી આપેલ છે તે રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર બિનઅમલી અને રદબાતલ હોવાનુ આથી ઠરાવવામાં આવે છે જેની યાદી અત્રેના

રજીસ્ટ્રાર શ્રીએ સબ રજીસ્ટ્રારશ્રી અમરેલીને કરવી.

(૫) આ કામના પ્રતિવાદી નં.૩ નાએ તા. ૧૫/૦૯/૧૯૮૪ ના રોજ ખોટા પેઢીનામાનાં આધારે દાવાવાળી જમીનમાં હકકપત્રક વારસાઇ નોંધ નં. ૯૮૦ થી તા. ૨૦/૦૪/૧૯૮૫ ના રોજ મંજૂર કરેલી નોંધ આથી રદબાતલ ઠરાવવામાં આવે છે.

(૬) અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના વિઠ્ઠલપુર ગામની દાવાવાળી જમીન આ કામના પ્રતિવાદી નં.૪, ૫ અને ૬ નાઓ અન્ય કોઇને વેચાણ બક્ષીસ તેમના એજન્ટ મારફત કે પોતે કે કુલમુખત્યારથી અન્ય કોઇને વેચાણ કરે કે કરાવે નહી તેવો કાયમી મનાઇ હુકમ આ કામના પ્રતિવાદીનં.૪ થી ૬ને આપવામાં આવે છે.

(૭) દાવાનો ખર્ચ પક્ષકારોએ પોત – પોતાનો જાતે ભોગવવો.

(૮) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા. **૩૧ મી,** માહે : **જુલાઇ,** સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તા. ૩૧/૦૭/૨૦૨૬**
**સ્થળ : અમરેલી**

**(સાહીલભાઇ રજાકભાઇ મુલતાની)**
**પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ અને**
**અધિક ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ**
**અમરેલી**
**જી.જે. ૦૧૧૪૩**